# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-08-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ખાણ ખનીજ વિકાસ નિયમન સંશોધન ખરડો – 2025 પસાર

સંસદે ખાણ અને ખનીજ વિકાસ અને નિયમન સંશોધન ખરડો 2025 પસાર કર્યો. રાજ્યસભાએ આ ખરડાને મંજૂરી આપી છે. લોકસભા પહેલા જ આ ખરડાને પસાર કરી ચૂક્યું છે. આ ખરડો ખાણ અને ખનીજ વિકાસ અને નિયમન અધિનિયમ 1957માં વધુ સંશોધન કરશે. તેમાં એવી જોગવાઈ છે કે, ભાડાપટ્ટાધારકો હાલના ભાડાપટ્ટામાં અન્ય ખનીજનો સમાવેશ કરવા રાજ્ય સરકારને અરજી કરી શકે છે. મહત્વના અને વ્યૂહાત્મક ખનીજો તથા અન્ય ઉલ્લેખિત ખનીજોને સામેલ કરવા અન્ય વધારાની કોઈ રકમ ચૂકવવાની જરૂર નથી.

------------------------------------------------------------------------------------

## ગુજરાત દેશમાં પુન: પ્રાપ્ય ઉર્જાક્ષેત્રમાં પહેલાક્રમે

અત્યાર સુધી કુલ 38 હજાર 219 મેગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે, ગુજરાત દેશમાં પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રમાં પહેલા ક્રમે છે. તેમાં સૌથી મોટો હિસ્સો 21 હજાર 904 મેગાવોટ નો સૌર ઉર્જાનો છે.

રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણીના પ્રશ્નના જવાબમાં આ માહિતી અપાઇ હતી. તેમણે જણાવ્યુ કે રાજ્યમાં 2 લાખ 20 હજાર 504 મેગાવોટ વધુ પુનઃપ્રાપ્ય ઉર્જા ઉત્પાદનની સંભાવના છે, જેમાં સૌથી વધુ સંભાવના 1 લાખ 80 હજાર 790 મેગાવોટ પવન ઉર્જાની, ત્યારબાદ 35 હજાર 770 મેગાવોટ સૌર ઉર્જાની છે. છેલ્લા ત્રણ વર્ષમાં પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે વીજ ઉત્પાદન મામલે ગુજરાત બીજા ક્રમે છે.

---

## કંડલા બંદર ડ્રોન વિરોધી કવચથી સુરક્ષિત થશે

કચ્છનું કંડલા બંદર ડ્રોન વિરોધી કવચથી સુરક્ષિત થશે. વહીવટી તંત્ર દ્વારા આ માટેની જરૂરી કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી છે. દુશ્મન દેશના ડ્રોનના સિગ્નલ જામ કરી ડ્રોનને 15 કિલોમીટર દૂરથી જ નષ્ટ કરી શકાય તેવી સિસ્ટમ તૈયાર કરવામાં આવી રહી છે. તે માટે માતબર રકમની ફાળવણી પણ કરવામાં આવી છે અને ચાર ડ્રોન વિરોધી સિસ્ટમ તૈનાત કરાશે.

ઉલ્લેખનીય છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન કંડલા બંદરે દુશ્મન દેશનાં ડ્રોન દેખાયાં હતાં. જો કે, તમામ ડ્રોનને તોડી પાડવામાં આવ્યાં હતાં. પરંતુ હવે દુશ્મન દેશના કારસાને નિષ્ફળ બનાવવા માટે ડ્રોન વિરોધી સિસ્ટમ તૈનાત કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

---

## શિક્ષક આવૃત્તિના ઉપયોગ અંગે તાલિમ

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ-GCERT દ્વારા રાજ્યના ધોરણ 3 થી 8ના તમામ શિક્ષકોને 'શિક્ષક આવૃત્તિના ઉપયોગ' અંગે આગામી 29 સપ્ટેમ્બર સુધી તાલીમ અપાશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે શિક્ષક આવૃત્તિઓનાં ઉપયોગ અંગે શિક્ષકોને માર્ગદર્શન અને નિદર્શન આપવા માટે આ તાલીમ યોજાઈ રહી છે.

શિક્ષકોને વર્ગખંડ પ્રક્રિયાનો વાસ્તવિક અનુભવ મળે તે હેતુથી તાલીમમાં પ્રાયોગિક,જૂથકાર્ય,ડેમોસ્ટ્રેશન જેવી વિવિધ પદ્ધતિ અને પ્રયુક્તિઓની સાથે NEP-2020માં ભલામણ કરાયેલી નવીનીકરણીય શિક્ષણ પદ્ધતિઓનું પણ નિદર્શન કરવામાં આવી રહ્યું છે.

---

## શાળા વ્યવસ્થાપન સમિતિના કાર્યો અંગે સૂચનો મંગાવાયા

શાળા વ્યવસ્થાપન સમિતિના કાર્યો અંગે હવે નાગરીકો પાસેથી સૂચનો મંગાવાશે. શિક્ષણમાં જન સમુદાયની ભાગીદારી વધારવા રાજ્ય સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે.

વાંચન, ગણન, લેખન, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, સ્વછતા, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ, નિયમિતતા, શાળા પ્રવાસ જેવા વિષયો પર નાગરિકો પોતાના અભિપ્રાયો આપી શકે છે.

આ માટે જાહેર જનતા આગામી ૪૫ દિવસ સુધીમાં smcgujarat@ssguj.in આ મેઈલ ID પર પોતાના સૂચનો મોકલી શકે છે તેમ, શિક્ષણ વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

-------------------------------------------------------------------------------

## આજથી પર્યુષણ પર્વનો પ્રારંભ

જૈન સમાજના મહા પર્વ એવા પર્યુષણ પર્વનો આજથી આરંભ થાય છે. આઠ દિવસ દરમ્યાન જિનાલયો અને ઉપાશ્રયોમાં સવાર- સાંજ પ્રતિક્રમણ સ્વાધ્યાય અને શ્રાવકો દ્વારા ઉપવાસ એકાસણા માસ ક્ષમણ  વિગેરે વ્રતોથી વાતાવરણ ભક્તિસભર બનશે. આરાધના તપ અને ભક્તિ ભાવથી વાતાવરણ ભક્તિમય બનશે.

-------------------------------------------------------------------------------

## વરસાદ / આગાહી

બંગાળની ખાડીમાં  સર્જાયેલા ડિપ્રેશન સહિતની ચાર વરસાદી સિસ્ટમની અસર હેઠળ રાજ્યની સાથે કચ્છમાં પણ સાર્વત્રિક વરસાદને પગલે ખેતરોમાં ઊભા મોલને જીવનદાન મળ્યું છે. સવારે સરહદી લખપત તાલુકાથી શરૂ થયેલો વરસાદનો દોર મોડી સાંજ સુધી જિલ્લાના અનેક વિસ્તારો સુધી લંબાયો હતો. ભારેથી અતિભારે  વરસાદની ચેતવણી વચ્ચે ખાસ કરીને પશ્ચિમ કચ્છ  તેમજ કાંઠાળપટનાં ગામોમાં એકથી લઇ ત્રણ ઇંચ સુધીનો વરસાદ વરસતાં નદીનાળાં જોશભેર વહી નીકળ્યા હતા. અબડાસા, નખત્રાણા અને માંડવી તાલુકામાં સર્વાધિક મેઘમહેર વરસી હતી. જિલ્લા મથક ભુજમાં પણ આખો દિવસ સમયાંતરે હળવાં ઝાપટાં વરસતાં રહ્યાં હતાં. મોડી સાંજે પૂર્વ કચ્છમાં પણ હળવાં ઝાપટાં રૂપે મેઘસવારી પહોંચી હતી.

બંગાળની ખાડીમાં સર્જાયેલી સિસ્ટમ મુંબઇને ધમરોળી ગુજરાત નજીક પહોંચી છે તો અન્ય ત્રણ સિસ્ટમ પણ સક્રિય હોતાં હવામાન વિભાગે કચ્છ જિલ્લામાં ગુરુવારે અતિભારે વરસાદનું રેડ એલર્ટ તો શુક્રવારે ઓરેન્જ એલર્ટ આપ્યું છે. 25મી તારીખ સુધી મધ્યમથી ભારે વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ભારે વરસાદની ચેતવણીનાં પગલે વહીવટી તંત્ર દ્વારા પણ આવશ્યક તકેદારીનાં પગલાં લેવાઇ રહ્યા છે.

---